ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.

Date : 29th May,2020

પ્રતિ,

તંત્રી શ્રી,

.........................................................................., ભાવનગર.

લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વાર **જૂન માસમાં થનાર ખંડગ્રાસ ચંદ્રગ્રહણ અને કંકણાકાર સૂર્યગ્રહણ** જેવી મહત્વની ખગોળીય ઘટના પૂર્વે વેબિનાર દ્વારા સમજુતી

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર(GUJCOST) દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોકભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

સમય સાથે પરિસ્થિતિમાં થતા ફેરફારોને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં ઉત્પન થનાર અનુકુળતાઓ કે પ્રતિકૂળતાઓ માટે સજ્જ થવા અવકાશમાં ગ્રહો ઉપગ્રહોની ગતિવિધિઓને આધારે ખગોળશાસ્ત્રના અભ્યાસ દ્વારા અનેક સમસ્યાનું નિદાન શક્ય છે. જેમાં પૃથ્વી અને ચંદ્રના સ્થાનના આધાર પર એક મહત્વની ઘટના રચાય છે જેને આપણે ગ્રહણ તરીકે ઓળખીએ છીએ. વર્ષમાં અંદાજે વધુમાં વધુ ૭ જેટલા ગ્રહણ જોવા મળે છે જે પૈકીના ૪ વાર ચંદ્રગ્રહણ અને ૩ વાર સૂર્યગ્રહણની ઘટના જોવા મળે છે. આ ઘટના સાથે ઘણી માન્યતાઓ-ગેર માન્યતાઓ પણ સંકળાયેલી છે, પરંતુ દરેક બાબત પાછળ વિજ્ઞાનના કોઈ ને કોઈ સિધાંત રહેલો છે.

લોકોને માન્યતાઓ-ગેર માન્યતાઓ માંથી બહાર લાવી આવી વૈજ્ઞાનિક ઘટનાઓ વિષે પ્રાયોગિક સમજણ તથા ટેલીસ્કોપ દ્વારા અવકાશીય ઘટનાઓના સાક્ષી બનાવવા લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા સંચાલિત ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ સતત કાર્યરત છે. આગામી જૂન માસમાં **ચંદ્રગ્રહણ તથા સૂર્યગ્રહણ ની ખગોળીય ઘટના થવાની છે.**

ઉપરોક્ત ગ્રહણો વિષે વૈજ્ઞાનિક સમજુતી માટે 'June'20 : Month of Eclipse' વેબિનારનું આયોજન કરવામાં આવેલ છે. રસ ધરાવતા લોકોએ તા.૪ જુન, ૨૦૨૦ સાંજે ૬ વાગ્યા સુધીમાં http://krcscbhavnagar.org / upcoming event પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. વધુ માહિતી માટે ફોન : 8866570111 પર વોટ્સ એપ અથવા ફોન દ્વારા મેળવી શકાશે.

(કોમ્પ્યુટર દ્વારા મુકવામાં આવેલ સહી.)

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.